# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

भारत 2023 INDIA


નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૩/૪૨૧૫ તા.૧૪/૦૬/૨૦૨૩

પરિપત્ર- ૩૦૭૯

**સંદર્ભ- ઉચ્ચ શિક્ષણની કચેરીનો તા.૦૯/૦૬/૨૦૨૩નો પત્ર ક્રમાંક; CHE/IDY/૨૦૨૩/૭૭૫૩-૭૮૬૧**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંચાલિત તમામ ભવનોના અધ્યક્ષ/કો-ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે વિશ્વ યોગ દિવસના સંદર્ભે તા.૧૭/૦૬/૨૦૨૩ના રોજ સવારે ૮:૦૦ કલાકે ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અનુસાર સામુહિક સૂર્ય નમસ્કારનું આયોજન આપના ભવન ખાતે કરવાનું રહેશે. જે અંગેનો અહેવાલ અને ફોટોગ્રાફ્સ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મોકલી આપવાના રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંચાલિત તમામ ભવનોના અધ્યક્ષ/કો-ઓર્ડિનેટરશ્રીઓ અને યુનિવર્સિટી કર્મચારીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

ક્રમાંક : CHE/IDY/2023/7753-7861
આયુક્તશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી
આયુક્તશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી
ગાંધીનગર
તા.૦૯/૦૬/૨૦૨૩

પરિપત્ર :

યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની એક અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર; વિચાર અને ક્રિયા; સંયમ અને પરિપૂર્ણતા; મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળ; સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમની એકતાને મૂર્તિમંત કરે છે. યોગ એ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવી ચેતનાનું સર્જન કરીને સુખાકારીમાં મદદરૂપ થઈ શકે છે.

આપ સુવિદિત છો કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એ ૨૦૧૫થી દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં પણ ૯ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ભાગરૂપે "એક પૃથ્વી એક સ્વાસ્થ્ય" ની વિભાવના સાકાર કરવા રાજ્યની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓ/યુનિવર્સિટીઓ ખાતે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

૧) તા.૧૭ જુન, ૨૦૨૩ના રોજ સવારે યોગ વિશેષજ્ઞના માર્ગદર્શન હેઠળ સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમ

૨) તા.૨૧ જુન, ૨૦૨૩ના રોજ યોગ વિશેષજ્ઞના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૩ની ઉજવણી

ઉપરોક્ત કાર્યક્રમો અંતર્ગતની જરૂરી માહિતી COGENT portal પર ભરવા જણાવવામાં આવે છે જેની માહિતી પુસ્તિકા આ સાથે સામેલ છે. COGENT portal પર માહિતી ભરવા માટે સંસ્થાના વડા દ્વારા નીચે દર્શાવેલ લીંક મારફત Yoga Day Coordinator નો role assign કરવાનો રહેશે.

https://bit.ly/COGENT-RoleAssignment

કાર્યક્રમ અગાઉ અને સંપન્ન થયા બાદ સમયાંતરે માહિતી નીચે દર્શાવેલ લીંક મારફત ભરવાની રહેશે

https://bit.ly/yoga_day_activity

આ ઉપરાંત પ્રત્યેક participantનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ગુજરાત યોગ બોર્ડની વેબસાઇટ પર http://desk.voiceey.com/idoy/ લિન્ક પર અચૂક કરવાનું રહેશે.

આ બાબતે દરેક યુનિવર્સિટીએ યુનિવર્સિટી કક્ષાએ એક કો-ઓર્ડિનેટરની નિમણૂંક કરવાની રહેશે. તેમજ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં પણ નોડલ અધિકારીની નિમણૂંક કરવાની રહેશે. યુનિવર્સિટીના કો-ઓર્ડિનેટરે તમામ કોલેજોની માહિતી તથા રિપોર્ટ સંકલિત કરી અત્રેની કચેરીને બિનચુક મોકલવાનો રહેશે.

ઉક્ત કાર્યક્રમોના સુચારુ સંચાલન અને સંકલન માટે નીચે દર્શાવેલ અધિકારીશ્રીઓની સમિતિની રચના કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીનું નામ તથા સંપર્ક નંબર | હોદ્દો અને સંસ્થા |
|---|---|---|
| ૧ | શ્રી આર. આર. પટેલ (૯૦૯૯૪૧૧૩૩૩) | નાયબ નિયામક, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| ૨ | શ્રી એમ. જે. અઘારા (૭૦૪૩૫૫૫૨૭૧) | નાયબ નિયામક, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| ૩ | શ્રી પ્રશાંત મહેતા (૯૨૬૫૦૪૩૫૭૬) | શ્રેયાન અધિક્ષક, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| ૪ | શ્રી પ્રશાંત દવે (૯૭૨૫૮૦૧૭૩૬) | શ્રેયાન અધિક્ષક, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| ૫ | શ્રી પાર્થ મોદી (૯૬૬૨૦૯૧૯૪૭) | ઓએસડી, કે. સી. જી., અમદાવાદ |

ઉક્ત સમિતિ દ્વારા રાજ્ય સરકારના સંલગ્ન વિભાગો/કચેરી સાથે પરામર્શમાં રહી તે મુજબ ઉચ્ચ અને ટેકનિકલની સંસ્થાઓ સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે.

નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ તથા
ઇ.ચા. આયુક્તશ્રી, ટેકનિકલ શિક્ષણ
ગાંધીનગર

પ્રતિ,

- રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય
- આચાર્યશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત તેમજ ખાનગી સંસ્થાઓ (સંબંધિત યુનિવર્સિટી મારફત)

નકલ સાદર રવાના પ્રતિ

- માન. અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફ નમ્ર જાણ સારુ